અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને અનુદાન સહાયનું ધોરણ સુધારવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : બમશ/૧૧/૨૦૧૧/૧૬૭૦૩૬ /ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૬/૭/૨૦૧૩.

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગના તારીખ: ૩૦/૬/૧૯૯૯ના ઠરાવક્રમાંક; બમશ/૧૧૯૯/૭૪૧/(૧)/ગ.
(૨) શિક્ષણ વિભાગના તારીખ: ૨/૭/૧૯૯૯ના ઠરાવક્રમાંક: બમશ/૧૧૯૯/૭૪૧/(૩)/ગ.
(૩) શિક્ષણ વિભાગના તારીખ: ૧૦/૧૦/૨૦૦૭ના ઠરાવક્રમાંક: બમશ/૧૧૦૬/એમ આર/૧૫/ગ.
(૪) શિક્ષણ વિભાગના તારીખ: ૧/૧૨/૧૯૮૭ના ઠરાવક્રમાંક: બમશ/૧૧૮૭/૧૬૫૭/ગ.
(૫) શિક્ષણ વિભાગના તારીખ: ૨૨/૪/૧૯૮૮ના ઠરાવક્રમાંક: બમશ/૧૧૮૭/૬૮૯૦/ગ-૧.

આમુખ :-

ઉપર આમુખમાં ક્રમ(૧) -(૨)-(૩)માં જણાવેલ ઠરાવોથી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના અનુદાન સહાયનું ધોરણ નક્કી કરવામાં આવેલ છે જ્યારે ઉપર આમુખમાં ક્રમ(૪) અને (૫)માં જણાવેલા ઠરાવથી માર્ચ માસમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી એસ.એસ.સી. તથા એચ.એસ.સી.ના નબળા પરિણામો અન્વયે અનુદાનિત શાળાને ગ્રાન્ટ કાપ આપવા અંગેની જોગવાઇ કરવામાં આવી છે.

આમુખમાં ક્રમ(૩)માં જણાવેલા ઠરાવની જોગવાઇ મુજબ અનુદાન પાત્ર શાળાઓના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓ માટે પગારભથ્થાની ૧૦૦ ટકા ગ્રાન્ટ ચુકવવામાં આવે છે.

જ્યારે અનુદાનિત શાળાના નિભાવ ખર્ચ તથા ઇતરખર્ચ માટે આમુખના ક્રમાંક(૨) માં જણાવેલ ઠરાવ મુજબ વર્ગદીઠ માસિક ગ્રાન્ટ ચુકવવામાં આવે છે. નિભાવ ખર્ચ તથા ઇતરખર્ચ માટે વર્ગ દીઠ માસિક ગ્રાન્ટના જે દરો નક્કી થયેલા છે તે લગભગ ૧૧ વર્ષ જેટલા જુના છે આથી હાલની મોંઘવારીને ધ્યાને લેતાં ઉક્ત દરોમાં સુધારો કરવાની જરૂરીયાત ઉભી થયેલી છે.

શાળાની નિભાવ તથા ઇતરખર્ચની ગ્રાન્ટના દરો સુધારવાની તથા શાળાના સંચાલકો તથા શિક્ષકો શાળાનું શિક્ષણ સુધારવા સજાગ બને અને શાળાનું પરિણામ સુધારવા ગુણવત્તાલક્ષી શિક્ષણ માટે નિષ્ઠાપૂર્વક નક્કર કાર્યવાહી હાથ ધરવા માટે પ્રેરિત થાય તે માટે શાળાને ચુકવાતી નિભાવ

ગ્રાન્ટને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી એસ.એ. એચ.એસ.સી.ના પરિણામ સાથે સાંકળવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી

<u>ઠરાવ :-</u>

સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને અંતે આમુખમાં ક્રમ (૨) ના ઠરાવથી વર્ગદીઠ નિભાવગ્રાન્ટ અને ઇતરખર્ચની જે જોગવાઇ કરવામાં આવે છે તેમાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | તારીખ: ૨/૭/૧૯૯૯નાઠરાવ મુજબ ચુકવાતી નિભાવ ગ્રાન્ટ (માસિક) | સુધારેલ નિભાવ ગ્રાન્ટ |
|---|---|---|---|
| ૧. | ૧ થી ૫ વર્ગ સુધીની શાળાઓ | રૂ.૧૮૦૦/- | રૂ.૨૪૦૦/- |
| ૨. | ૬થી ૩૦ વર્ગ સુધીની શાળાઓ | રૂ.૧૫૦૦/- | રૂ.૨૦૦૦/- |
| ૩. | ૩૦ વર્ગથી ઉપરની શાળાઓ | રૂ.૧૦૦૦/- | રૂ.૧૪૦૦/- |

૨. ઉપર મુજબ સુધારેલ દરે નિભાવગ્રાન્ટ નીચે જણાવેલ શરતોને આધીન મળવાપાત્ર રહેશે.

(૧) સહાયક અનુદાન, અનુદાનિત શાળાઓના સરકારશ્રીએ માન્ય કરેલા વર્ગો માટે જ મળવાપાત્ર થશે.

(૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી એસ.એસ.સી.અને એચ.એસ.સી.ની પરીક્ષાના નબળા પરિણામ માટે અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓને નિભાવ તથા ઇતરખર્ચની ગ્રાન્ટમાં કાપ આપવા અંગેના આમુખમાં (૪) અને (૫)ના ઠરાવ રદ્દ કરીને નીચે મુજબ ગ્રાન્ટકાપની જોગવાઇ રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

i. <u>અનુદાનિત માધ્યમિક શાળાઓ</u>

| ક્રમ | એસ.એસ.સી.બોર્ડની પરીક્ષાના પરિણામના ટકા | | મળવાપાત્ર ગ્રાન્ટ |
|---|---|---|---|
| | ગ્રામ્ય,શહેરી વિસ્તારની શાળાઓ | પછાત વિસ્તારની શાળાઓ | |
| ૧. | ૨. | ૩. | ૪. |
| ૧ | ૦%થી ૩૦% સુધી | ૦%થી ૨૦% સુધી | ૦૦% |
| ૨ | ૩૦%થી ૪૦% સુધી | ૨૦%થી ૩૦% સુધી | ૨૫% |
| ૩ | ૪૦%થી ૫૦% સુધી | ૩૦%થી ૪૦% સુધી | ૫૦% |
| ૪. | ૫૦%થી ૭૦% સુધી | ૪૦%થી ૬૦% સુધી | ૭૫% |
| ૫. | ૭૦%થી ઉપર | ૬૦%થી ઉપર | ૧૦૦% |

ı. <u>અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓ( સામાન્ય, વ્યવસાય લક્ષી અને ઉતર બુનિયાદી)</u>

| ક્રમ. | એચ.એસ.સી.બોર્ડની પરીક્ષાના પરિણામના ટકા | | મળવાપાત્ર ગ્રાન્ટ |
|---|---|---|---|
| | ગ્રામ્ય,શહેરી વિસ્તારની શાળાઓ | પછાત વિસ્તારની શાળાઓ | |
| ૧. | ૨. | ૩. | ૪ |
| ૧ | ૦%થી ૩૦% સુધી | ૦%થી ૨૦% સુધી | ૦૦% |
| ૨. | ૩૦%થી ઉપર ૫૦% સુધી | ૨૦%થી ઉપર ૪૦% સુધી | ૨૫% |
| ૩ | ૫૦%થી-ઉપર ૬૦% સુધી | ૪૦%થી ઉપર ૫૦% સુધી | ૫૦% |
| ૪. | ૬૦%થી ઉપર ૭૦% સુધી | ૫૦%થી ઉપર ૬૦% સુધી | ૭૫% |
| ૫. | ૭૦% ઉપર | ૬૦% ઉપર | ૧૦૦% |

iii. <u>અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ( વિજ્ઞાન પ્રવાહ )</u>

| ક્રમ | એચ.એસ.સી.બોર્ડની પરીક્ષાના પરિણામના ટકા | | મળવાપાત્ર ગ્રાન્ટ |
|---|---|---|---|
| | ગ્રામ્ય,શહેરી વિસ્તારની શાળાઓ | પછાત વિસ્તારની શાળાઓ | |
| ૧. | ૨. | ૩. | ૪. |
| ૧ | ૦%થી ૩૦% સુધી | ૦%થી ૨૦% સુધી | ૦૦% |
| ૨. | ૩૦%થી ઉપર ૫૦% સુધી | ૨૦%થી ઉપર ૪૦% સુધી | ૨૫% |
| ૩ | ૫૦%થી ઉપર ૬૦% સુધી | ૪૦%થી ઉપર ૫૦% સુધી | ૭૫% |
| ૪. | ૬૦%થી ઉપર | ૫૦%થી ઉપર | ૧૦૦% |

(૩) ગ્રામ્ય તથા શહેરી વિસ્તારની શાળાઓને માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાના જે તે શાળાના, ઉપર ટેબલ (i), (ii) અને (iii) ના કોલમ ૨. પરિણામની ટકાવારીના આધારે કોલમ ૪ મુજબ નિભાવ ગ્રાન્ટ મળશે.

(૪) નીચે જણાવેલી ચાર કેટેગરીઓ પૈકી કોઇપણ એક કેટેગરીમાં સમાવેશ થતો હોય તેવી શાળાઓને પછાત વિસ્તારની શાળા ગણીને માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષામાં જે તે શાળાના ઉપર ટેબલ i., ii. ,iii. ના કોલમ ૩. મુજબ પરિણામની ટકાવારીના આધારે કોલમ ૪. મુજબ નિભાવ ગ્રાન્ટ મળશે.

(1) જે શાળામાં ધોરણ-૧૦ કે ધોરણ-૧૨ની માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓ પૈકી અનુસુચિત જાતિ ,અનુસુચિત જન જાતિ કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના વિદ્યાર્થીઓની એકંદર સંખ્યા ૫૦% કરતા વધારે હોય તેવી શાળાઓ.

(2) કોલગી સમિતિએ સૂચવેલા પડ અતિપછાત તાલુકાઓની શાળાઓ.

(3) આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આદિજાતિ વિકાસ કાર્યક્રમ (TASP) હેઠળ સમાવેશ કરવામાં આવેલા તાલુકાઓની શાળાઓ.

(4) સાગરખેડુ યોજના હેઠળ આવરી લીધેલ તાલુકાઓની શાળાઓ.

(5) મળવાપાત્ર ગ્રાન્ટ અંગેની ઉકત જોગવાઇ જે તે વર્ષના માધ્યમિક શિક્ષણ બોર્ડના પરીક્ષાના જે તે શાળાના પરિણામની ટકાવારી મુજબ લાગુ પડશે.

૩. શાળાનો અસરકારક વહીવટ અને ગુણવત્તાલક્ષી શિક્ષણ એ જે તે શાળાના આચાર્ય અને શાળાના શિક્ષકોની કાર્યક્ષમતા ,નિષ્ઠા અને વ્યવસાયિક કુશળતા પર નિર્ભર છે. ધોરણ-૧૦ અને ધોરણ ૧૨ની માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાના જે તે શાળાના પરિણામોમાં આ બાબત પ્રતિબિંબિત થાય છે આથી બોર્ડની પરીક્ષામાં નબળા પરિણામ માટે શાળાના આચાર્ય અને શિક્ષકો જવાબદાર ગણવાના રહે.

આથી જે શાળાનું ધોરણ-૧૦, ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાનું પરિણામ સતત ત્રણ વર્ષ સુધી 30% કરતા ઓછુ આવે તે શાળાના આચાર્યોને ચોથા વર્ષનો એક ઇજાફો ભવિષ્યની અસર વગર અટકાવવાનો રહેશે અને જ્યારે તે શાળાના શિક્ષકોની બાબતમાં ધોરણ-૧૦ કે ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાનું જે તે વિષયનું પરિણામ સતત ત્રણ વર્ષ સુધી 30% જેટલુ ઓછુ આવે તો તે વિષયના વિષય શિક્ષકનો ચોથા વર્ષનો એક ઇજાફો ભવિષ્યની અસર વગર અટકાવવાનો રહેશે. પરંતુ આ અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર વિનિમયો-૧૯૭૪ના વિનિમય ૨૭,૨૭(અ) તથા તે હેઠળના પરિશિષ્ટ (૧)માં જણાવ્યા મુજબની કાર્યપધ્ધતિ અનુસરવાનું આવશ્યક રહેશે.

૪. પેરા - ૩ મુજબ બોર્ડની પરીક્ષાના નબળા પરિણામ માટે ઇજાફો અટકાવવા અંગેની જોગવાઇ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય ,શિક્ષકોને પણ સમાન રીતે લાગુ પડશે. પરંતુ આ અંગે ગુજરાત રાજય સેવા (શિસ્ત) અને અપીલ નિયમો,૧૯૭૧માં જણાવ્યા મુજબની કાર્યપધ્ધતિ અનુસરવાનું આવશ્યક રહેશે.

૫. ઉપર જણાવેલ માપદંડો મુજબ ગ્રાન્ટની ફાળવણી જે તે શાળાને થાય તે અંગેની સંપૂર્ણ તકેદારી જિલ્લા કક્ષાએ સબંધિત જિલ્લાનાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની રહેશે અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા આ ગ્રાન્ટની નીતિનું ચુસ્ત પણે પાલન થાય તે જોવાની જવાબદારી કમિશ્નરશ્રી, શાળાઓ,ગાંધીનગરની રહેશે.

૬. જે-જે શાળાઓનું ધોરણ-૧૦ અને ધોરણ-૧૨નું પરિણામ સતત ત્રણ વર્ષથી ઓછુ આવેલ હોય તેવી શાળાઓની યાદી તથા તે શાળાઓના જે શિક્ષકોનો ઇજાફો રોકવાનો થતો હોય તેવા શિક્ષકો સામે નિયમાનુસાર કાર્યવાહી કરી પ્રતિ વર્ષ ૩૧મી ઓગસ્ટ સુધીમાં પુરી કરી, કરેલ નિર્ણયની જાણ કમિશ્નરશ્રી, શાળાઓને કરવાની રહેશે. સબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના વાર્ષિક ખાનગી અહેવાલમાં પણ આ મુદ્દા અન્વયે કરવામાં આવેલ કામગીરીનો ઉલ્લેખ કરવાનો રહેશે.

૭. પરિણામ આધારિત નવી ગ્રાન્ટનીતિનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૩ - ૧૪થી કરવાનો રહેશે.

૮. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તારીખ ૧૬-૦૩-૨૦૧૧ ની નોંધ થી મળેલ મંજુરીથી તથા તારીખ: ૨૧/૬/૨૦૧૩ના રોજ સરકારશ્રીની મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(નિલેશ ત્રિવેદી)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રાત,

- માન. રાજયપાલના સચિવશ્રી,રાજભવન, ગાંધીનગર.(પત્રથી)
- માન. રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલારોડ, અમદાવાદ.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી.(શિક્ષણ) સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- કમિશ્નરશ્રી. શાળાઓની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- તમામ જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ ( કમિશ્નરશ્રી, શાળાઓ મારફતે)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી ,ગુજરાત-અમદાવાદ, રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ ,ગાંધીનગર.
- તમામ તિજોરી અધિકારીશ્રીઓ ( કમિશ્નરશ્રી, શાળાઓ મારફતે)
- નિવાસી ઑડિટ અધિકારીશ્રી, ગાંધીનગર ,અમદાવાદ.
- રજીસ્ટ્રારશ્રી ગુજરાત માધ્યમિક શિક્ષણ પંચ અમદાવાદ.
- રજીસ્ટ્રારશ્રી ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પંચ અમદાવાદ.
- સબંધિત સરકાર માન્ય સંઘો.
- સીલેકટ ફાઇલ.
- ના.સે.અ. સીલેકટ ફાઇલ.